RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 177, Dt.10-10-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ભારતના અણમોલ 'રતન'ની વિદાય : બપોર બાદ અંતિમ સંસ્કાર

## અલવિદા રતન ટાટા... ભારતના આધુનિક ઉદ્યોગ જગતનાં પ્રણેતા સરળ હૃદયના માનવીએ કહ્યું બાય બાયઃ ટાટા ગ્રુપનાં માનદ ચેરમેન રતન ટાટાનું રાત્રીના નિધન,દેશભરમાં એક 'રતન' ગુમાવ્યાની અશ્રુભીની શોક લહેર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશના ટોચના ઉદ્યોગપતિ અને ટાટાગ્રુપના માનદ ચેરમેન રતન ટાટાનું ગઈકાલે રાત્રીનાં નિધન થતા પુરો દેશ શોકમાં ડુબી ગયો છે દેશમાં એક દંતકથા જેવુ વ્યકિતત્વ અને ટાટા ગ્રુપને વૈશ્વિક ઓળખ બનાવનારા રતન ટાટા ૮૬ વર્ષના હતા અને તેઓ છેલ્લા કેટલાંક સમયથી ઉંમરના કારણે સ્વાસ્થ્ય સબંધી સમસ્યાનો સામનો કરી રહ્યા હતા.

હજુ બે દિવસ પૂર્વે જ તેઓને બીચકેન્ડી હોસ્પીટલમાં દાખલ કરાયા તો તે સમયે તેમના સ્વાસ્થ્ય અંગે દેશભરમાં ચિંતા સર્જાતા ખુદ રતન ટાટાએ સોશ્યલ મીડીયામાં પોસ્ટ મુકીને તેઓ રૂટીન ચેકઅપ માટે દાખલ થયા હોવાનું જણાવી બહુ જલ્દી સ્વસ્થ થઈને તમારી વચ્ચે પરત આવી જશે તેવુ જણાવ્યું હતું.

પણ ગઈકાલે રાત્રીનાં તેઓનું સ્વાસ્થ્ય વધુ લથડયુ હતું અને રાત્રીના ૧૧ વાગ્યે છેલ્લા શ્વાસ લીધા હતા. રતન ટાટાના નિધનથી ટાટાગ્રુપનાં ચેરમેન એન.ચંદ્રનૈયરે સતાવાર જાહેરાત કરતા કોર્પોરેટ જગત અને પુરા ભારતમાં વિજળી વેગે આ સમાચાર ફેલાયા હતા. ભારતે તેનો રતન ગુમાવ્યો તેનો અફસોસ સૌના ચહેરા પર હતા.

આજે સવારે બીચકેન્ડી હોસ્પીટલથી રતન ટાટાના પાર્થિવ દેહને મરીન ડ્રાઈવ પાસે નેશનલ સેન્ટર ફોર પર્ફોમીંગ આટર્સ ખાતે અંતિમ દર્શનાર્થે રખાયો છે અને સવારથી જ રતન ટાટાને શ્રધ્ધાંજલી આપવા માટે કોર્પોરેટ જગત સહીત તમામ ક્ષેત્રનાં મહાનુભાવોની ટાટા ગ્રુપનાં અધિકારીઓ કર્મચારીઓ અને આમ આદમીની કતાર સર્જાઈ છે.



વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દેશે સાચો રતન ગુમાવ્યો છે. તેવુ જણાવીને રતન ટાટાને શ્રધ્ધાંજલી આપી હતી પદ્મ વિભુષણથી સન્માનથી રતન ટાટાના અંતિમ સંસ્કાર આજે મુંબઈમાં વર્લી સ્મશાન ઘાટ ખાતે પુરા રાજકીય સન્માન સાથે થશે.કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મુંબઈ પહોંચી ગયા છે અને તેઓ અંતિમ યાત્રામાં જોડાશે મહારાષ્ટ્ર સરકારે આજે એક દિવસના શોકની જાહેરાત કરી છે.

તમામ સરકારી ઈમારતો પર રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકશે તથા કોઈ સતાવાર કે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે નહિં જયાં ટાટા ગ્રુપે દેશનાં ઔદ્યોગિક ક્રાંતિનો પાયો નાખ્યો તે જમશેદપુરમાં પણ વાતાવરણ શોકમય છે. ઝારખંડ સરકારે પણ એક દિવસના શોકની જાહેરાત કરી છે.

મુંબઈમાં રતન ટાટાનાં પાર્થિવ દેહને અંતિમ શ્રધ્ધાંજલી આપવા રખાયો છે તે સમગ્ર ક્ષેત્રે મુંબઈ પોલીસે સીલ કરીને ભારે બંદોબસ્ત ગોઠવી દીધો છે દેશભરમાંથી કોર્પોરેટ પોલીટીકલ સામાજીક સહીતનાં ક્ષેત્રોમાંથી મહાનુભાવો સ્વ.રતન ટાટાને શ્રધ્ધાંજલી આપવા ઉમટશે બપોરે ૪ વાગ્યે તેમની અંતિમ યાત્રાનો પ્રારંભ થશે.

દેશ વિદેશમાંથી રતન ટાટાને શ્રધ્ધાંજલી મળી રહી છે. રતન ટાટાએ જયાં અભ્યાસ કર્યો હતો તે અમેરીકાની કોર્નલ વિશ્વ વિદ્યાલયમાં પણ રતન ટાટાના નિધન પર શોક વ્યકત કર્યો હતો શ્રી ટાટાએ અહી ગ્રેજયુએશન કર્યું હતું અને બાદમાં તેઓએ આ વિશ્વ વિદ્યાલયને મોટુ દાન પણ આપ્યુ હતું અને ૨૦૦૬ થી ૨૦૨૨ સુધી કોર્નલ ટ્રસ્ટી પણ બન્યા હતા. આપવા માટે નામાંકિત કરવામાં આવ્યો હતો, ત્યારે ભારત તરફથી સૌપ્રથમ શુભેચ્છા રતન ટાટા તરફથી આવી હતી, જેમણે બોર્ડમાં રહીને મારા વતનની ખૂબ સારી સેવા કરી હતી. સધર્ન કેલિફોર્નિયા યુનિવર્સિટીમાં તેમણે આપણા દેશ માટે વધુ સમૃદ્ધિ અને સમાનતાનું ભવિષ્ય જોયું હતું.સ્ત્રસ્ત્ર

નેપાળના વડા પ્રધાન કેપી શર્મા ઓલીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શોક વ્યક્ત કર્યો હતો અને લખ્યું કે નસ્ત્રતેમનો વારસા, સમાજ પર સકારાત્મક અસર છોડી જશે.

તન એન ટાટાના પાર્થિવ દેહને ગઈડ્ઢ લોનમાં લોકોના અંતિમ દર્શન માટે રાખવામાં આવ્યા છે. સામાન્ય લોકો ગેટ નંબર ત્રણથી લોનની અંદર જઈ શકે છે અને રતન ટાટાના પાર્થિવ દેહના દર્શન કરી શકે છે.

રતન ટાટાને શ્રદ્ધાંજલિ આપતા, મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું, નસ્ત્રટાટા જૂથના ભૂતપૂર્વ અધ્યક્ષ અને ટાટા ટ્રસ્ટના નેતા વરિષ્ઠ ઉદ્યોગસાહસિક રતનજી ટાટાના નિધનના સમાચારથી મને આઘાત લાગ્યો છે. રતનજીનું આખું જીવન પ્રેરણારૂપ રહ્યું. એક ઉદ્યોગસાહસિક તરીકે, તેમણે હંમેશા એક સફળ અને દૂરંદેશી ઉદ્યોગસાહસિક તરીકે કામ કર્યું છે, તેથી જ મુંબઈ ટાટા ગ્રુપનું જન્મસ્થળ છે. તેમનું નિધન ભારતીય ઉદ્યોગ અને સમાજ માટે એક અપૂર્વીય ખોટ છે અને તેમની સાથે સંકળાયેલા તમામ લોકોને આ ભગવાન દુ:ખ સહન કરવાની શક્તિ આપે.

મુંબઈ પોલીસે જણાવ્યું છે કે રતન એન ટાટાના પાર્થિવ દેહને ગુરુવાર, ૧૦ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યે ગઈડ્ઢ લોન, નરીમાન પોઈન્ટ, મુંબઈમાં લઈ જવામાં આવશે, જેથી સામાન્ય લોકો દિવંગત આત્માને શ્રદ્ધાંજલિ આપી શકે. સામાન્ય લોકો ગેટ નંબર ૩ દ્વારા ગઈડ્ઢ લોનમાં પ્રવેશી શકશે અને ગેટ નંબર ૨ દ્વારા બહાર નીકળી શકશે. પરિસરમાં પાર્કિંગની સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં. બપોરે ૩.૩૦ કલાકે મૃતદેહને અંતિમ સંસ્કાર માટે લઈ જવામાં આવશે



## આઠમું નોરતુંઃ મહાગૌરીની શીખ- સખત મહેનત કરતા રહો, સફળતા બધા દુઃખ અને પીડા દૂર કરશે; આજે પ્રસાદ તરીકે નાળિયેર ચઢાવો



આજે (ગુરુવાર, ૧૦ ઓક્ટોબર) નવરાત્રિના આઠમા દિવસે દેવી મહાગૌરીની પૂજા કરો. દેવીનું આ સ્વરૂપ શ્વેત રંગનું છે એટલે કે મહાગૌરી ખૂબ જ સફેદ છે. મહાગૌરી સફેદ વસ્ત્રો પહેરે છે, તેથી તેમની પૂજામાં સફેદ વસ્ત્રો પહેરવા જોઈએ. સવારે સ્નાન કર્યા પછી, દેવીની પૂજા કરવાનો સંકલ્પ લો અને ઘરના મંદિરમાં વ્રત રાખો. નારિયેળમાંથી બનાવેલ નાળિયેર અને મીઠાઈઓ દેવીને અર્પણ કરો. પૂજા કરો અને દિવસભર ઉપવાસ રાખો. દેવીના મંત્રોનો જાપ કરો. સાંજે ફરીથી દેવીની પૂજા કર્યા પછી ઉપવાસના પારણાં કરો.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસની લાઓસ મુલાકાતે રવાના

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આજે બે દિવસની લાઓસ મુલાકાતે ગયા છે અહીં વડાપ્રધાન ૨૧ મી આસીયાન ઈન્ડીયા સમીટમાં અને ૧૯ મી ઈસ્ટ એશીયા સમીટમાં પણ ભાગ લેશે.

લાઓસનાં વડાપ્રધાન સોનેકસે સિમાંડોના આમંત્રણથી શ્રી મોદી આ દેશના પ્રવાસે ગયા છે તેઓ લાઓસની રાજધાની વિએનીયાને પહોંચશે ઈન્ડો-ચાઈના સમુદ્ર સ્થિત આ દેશ વિયેતનામ કંબોડીયા, તથા થાઈલેન્ડની વચ્ચે આવેલો છે.

આ દેશની કુલ વસતી ફરી ૭૫ લાખ છે શ્રી મોદીની આ મુલાકાતને એશીયાના દેશો સાથે ભારતનાં ગાઢ સંબંધોની દ્રષ્ટ્રિએ જોવાઈ રહી છે.મોદી સરકારે જે એકટ ઈસ્ટ પોલીસી અપનાવી છે તેમાં ઈન્ડો પેસીફીકની આ રાષ્ટ્ર મહત્વ ધરાવે છે.




## દેશનાં ૮૨ ટકાથી વધુ ગ્રામીણ યુવાનો ઈન્ટરનેટનાં યુઝર્સ

### આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયે સર્વે મુજબ ૭૮.૪ ટકા યુવાનો મેસેજની સાથે ફાઈલો મોકલે છે : ૭૧.૨ ટકા યુવાનો કોપી – પેસ્ટનો ઉપયોગ કરે છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશનાં ગ્રામીણ વિસ્તારોમાં, ૧૫ થી ૨૫ વર્ષની વયનાં ૮૨ ટકાથી વધુ યુવાનો ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે, જ્યારે શહેરી વિસ્તારોમાં આ આંકડો ૯૨ ટકા છે. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયે સર્વેની માહિતી આપી હતી.ગ્રામીણ વિસ્તારોમાં ૧૫-૨૪ વર્ષની વયનાં ૯૫.૭ ટકા યુવાનો મોબાઈલ ફોનનો ઉપયોગ કરે છે, જ્યારે શહેરી વિસ્તારોમાં આ આંકડો ૯૭ ટકા છે. મંત્રાલયે જુલાઈ, ૨૦૨૨ થી જૂન, ૨૦૨૩ દરમિયાન હાથ ધરાયેલાં વ્યાપક વાર્ષિક મોડ્યુલર સર્વેના મુખ્ય તારણો બહાર પાડ્યાં હતાં . સર્વે દર્શાવે છે કે, ૭૮.૪ ટકા યુવાનો મેસેજની સાથે ફાઈલો મોકલી શકે છે, જ્યારે ૭૧.૨ ટકા યુવાનો કોપી અને પેસ્ટ ટૂલ્સનો ઉપયોગ કરી શકે છે.

આ સિવાય દેશનાં ૨૬.૮ ટકા યુવાનો જ ઈ-મેલ મોકલવા, ઓનલાઈન બેંકિંગ કરવા અને માહિતી શોધવા જેવા કાર્યો કરવા માટે સક્ષમ છે. ઘરમાં કમ્પ્યુટર ધરાવતાં પરિવારોની ટકાવારી ૯.૯ ટકા જ છે.

સર્વેક્ષણમાં બહાર આવ્યું છે કે, ૧૫-૨૪ વર્ષની વયનાં ૯૬.૯ ટકા યુવાનો સરળ વિધાનોની સમજ સાથે વાંચી અને લખી શકે છે. તેમાં ગણિતનાં સરળ પ્રશ્નો પણ સામેલ છે. સમાન વય જૂથમાં, પુરુષો માટે આ આંકડો લગભગ ૯૭.૮ ટકા છે અને સ્ત્રીઓ માટે તે ૯૫.૯ ટકા છે. ૧૫ વર્ષ અને તેથી વધુ વયનાં યુવાનો માટે શિક્ષણમાં શાળાકીય શિક્ષણનાં સરેરાશ વર્ષો ૮.૪ છે, જ્યારે ૨૫ વર્ષ અને તેથી વધુ વયનાં વ્યક્તિઓ માટે સમાન સરેરાશ વર્ષ ૭.૫ છે.

ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં છેલ્લાં ૩૬૫ દિવસ દરમિયાન હોસ્પિટલમાં દાખલ થવા પર પરિવાર દીઠ સરેરાશ તબીબી ખર્ચ અનુક્રમે રૂ. ૪૧૨૯ અને રૂ. ૫૨૯૦ છે. ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં છેલ્લાં ૩૦ દિવસ દરમિયાન બિન-હોસ્પિટલમાં દાખલ થવા માટે પરિવાર દીઠ સરેરાશ તબીબી ખર્ચ અનુક્રમે રૂ. ૫૩૯ અને



રૂ. ૬૦૬ છે. ૯૪.૬ ટકા પુખ્ત વયનાં લોકો પાસે મોબાઈલ મની સેવામાં એકાઉન્ટ છે. સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે ૯૫.૭ ટકા ઘરોમાં પીવાનું શુદ્ધ પાણી છે. જ્યારે શૌચાલયની સુવિધા ધરાવતાં પરિવારો ૯૭.૮ ટકા હતાં. જ્યારે રસોઈ માટે સ્વચ્છ ઈંધણનો ઉપયોગ કરતાં પરિવારો ૬૩.૪ ટકા હતાં. વધુમાં, ૫ વર્ષથી ઓછી ઉંમરનાં ૯૦.૬ ટકા લોકોએ જન્મ પ્રમાણપત્ર માટે નાગરિક સત્તાધિકારી પાસે નોંધણી કરાવી હતી.

## લોકસેવાના દાવા સાથે રાજકારણમાં આવતા રાજકીય નેતાઓને 'મેવા'

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

હરીયાણા વિધાનસભાની ચૂંટણીમાં જીત મેળવનારા ધારાસભ્યોની સરેરાશ સંપતિ સામાન્ય લોકોની સંપતિની સરખામણીએ ૭૦૦ ગણી વધુ છે. લોકસેવાના દાવા સાથે રાજકારણમાં આવતા રાજકીય નેતાઓ નમેવાથ ખાતા હોવા તરફ ઈશારો કરતી આ હકીકત ચૂંટણી પંચમાં પેશ થયેલા સોગંદનામાનાં આધારે ખુલ્લી છે.

એસોસીએશન ફોર ડેમોક્રેટીક રીફોર્મનાં રીપોર્ટમાં એમ કહેવામાં આવ્યું છે કે, હરીયાણા વિધાનસભાની ચૂંટણીમાં વિજેતા નિવડેલા ધારાસભ્યોની સરેરાશ સંપતિ ૨૪.૯૭ કરોડ રૂપિયા છે.

જયારે રાજયમાં સામાન્ય લોકોની વાર્ષિક આવક માત્ર રૂા.૩.૨૬ લાખ છે. ધારાસભ્યોની સંપતિમાં સતત વધારો થઈ રહ્યો છે. ૨૦૧૯ માં વિજેતા નિવડેલા ધારાસભ્યોની સરખામણીએ તેમાં સરેરાશ ૬૦ ટકાનો વધારો છે.

ચૂંટણી પંચમાં પેશ થયેલા એફીડેવીટનાં વિશ્લેષણનાં આધારે એવુ માલુમ પડે છે કે ચૂંટણી જીતેલા ધારાસભ્યોની સંપતિ આમ આદમીની સરેરાશ સંપતિ કરતા ૭૬૫ ગણી વધુ છે.છેલ્લા ૧૫ વર્ષમાં ધારાસભ્યોની સંપતિમાં લગભગ ચાર ગણી વૃધ્ધિ થઈ છે. ૨૦૦૯ માં વિજેતા ધારાસભ્યોની સરેરાશ સંપતિ ૬.૫ કરોડ હતી તે ૨૦૧૪ માં ૧૨.૯૭ કરોડ હતી. ૨૦૨૪ માં વધીને ૨૪.૯૭ કરોડે પહોંચી છે. રાજયના ૯૦ માંથી ૮૬ ધારાસભ્યો અર્થાત ૯૬ ટકા કરોડની છે. ૨૦૧૯ માં ૯૦ માંથી ૮૪ અર્થાત ૯૩ ટકા કરોડપતિ હતા.૨૦૧૪



માં ૯૦ માંથી ૭૫ અર્થાત ૮૩ ટકા અને ૨૦૦૯ માં ૯૦ માંથી ૬૫ અર્થાત ૭૨ ટકા ધારાસભ્યો કરોડપતિ હતા. વર્તમાન ટર્મમાં જીતેલા ૯૦ માંથી ૪૪ ની સંપતી ૧૦ કરોડ કે તેથી વધુ છે.જયારે ૨૦ ની સંપતી ૫ થી ૧૦ કરોડ છે. ૨૨ ની સંપતી ૧ થી ૫ કરોડ છે.જયારે માત્ર ચાર ધારાસભ્યોની સંપતી એક કરોડ કે તેથી ઓછી છે.

## અરબી સમુદ્રમાં વાવાઝોડાનો ખતરો, સૌરાષ્ટ્રનાં હવામાન પલટો

### અસહ્ય ગરમી-ઉકળાટ વચ્ચે સવારથી વાદળો ગોરંભાયા, વરસાદની પણ આગાહી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અરબી સમુદ્રમાં ઉભા થયેલા વાવાઝોડાની અસર હેઠળ રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં આજે સવારથી વાતાવરણમાં પલટો આવ્યો છે અને અસહ્ય ગરમી-બફારા વચ્ચે ગાઢ વાદળો છવાતા વરસાદ પડે તેવું વાતાવરણ સર્જાયુ છે.ગુજરાતમાં ભલે છેલ્લાં કેટલાક દિવસથી વરસાદે વિરામ લીધો હોય પરંતુ હજુ ચોમાસાની સમાપ્તિ થઈ નથી. રાજ્યમાં આગામી દિવસોમાં ફરી વરસાદ પડવાની સંભાવના છે. આ સાથે અરબી સમુદ્રમાં વાવાઝોડું ઊભું થઈ શકે છે. હવામાન નિષ્ણાંત પરેશ ગોસ્વામી અને અંબાલાલ પટેલ દ્વારા નવી આગાહી કરવામાં આવી છે.હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે જણાવ્યુ કે આગામી ૧૪ ઓક્ટોબરથી ૨૨ ઓક્ટોબર વચ્ચે અરબી સમુદ્રમાં વાવાઝોડું ઉત્પન્ન થશે. અંબાલાલ પટેલે કહ્યુ કે ૧૨ તારીખ સુધીમાં ભાવનગર, જૂનાગઢ, અમરેલી, ખંભાત, મધ્ય અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં વરસાદની સંભાવના છે. અંબાલાલે કહ્યું કે અરબી સમુદ્રમાં ડીપ ડિપ્રેશન બનશે. આ દરમિયાન અરબી સમુદ્રમાં વાવાઝોડું ઊભુ થઈ શકે છે. જેથી ગુજરાતના દરિયામાં ૧૭ અને ૧૮ તારીખે પવન ફુકાઈ શકે છે. શરદ પૂનમથી લઈને દિવાળી સુધીમાં હવામાનમાં સતત પલટો આવી શકે છે. ૧૩ ઓક્ટોબરે બંગાળના ઉપરવાસમાં વાવાઝોડાની સંભાવના છે. તો આગામી ૧૮થી ૨૦ તારીખ સુધી અરબી સમુદ્રમાં વાવાઝોડું ફુંકાશે. આ સાથે અંબાલાલે માવઠાની



પણ સંભાવના વ્યક્ત કરી જણાવ્યું કે, ઓક્ટોબરના છેલ્લા સપ્તાહમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવશે જેની અસર મહિનાના અંત સુધી જોવા મળશે. હવામાનની સચોટ આગાહી માટે જાણીતા પરેશ ગોસ્વામીએ પણ આગાહી કરી છે. પરેશ ગોસ્વામીએ કહ્યું કે ૧૩થી ૧૮ ઓક્ટોબર દરમિયાન ગુજરાતના અનેક ભાગોમાં વરસાદની સંભાવના છે. તેમણે કહ્યું કે ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદનું જોર વધુ રહી શકે છે. કચ્છના વિસ્તારોમાં પણ હળવો વરસાદ પડી શકે છે. તેમણે કહ્યું કે ગુજરાતના મોટા ભાગના વિસ્તારમાં નૈઋત્ય ચોમાસાની વિદાય થઈ ગઈ છે. પરંતુ ચોમાસાની વિદાય પછી સામાન્ય રીતે વરસાદ પડતો હોય છે.

## અમદાવાદમાં રાજસ્થાનની મહિલાનું કોંગો ફીવરથી મોત થતા ખળભળાટ

**મુખ્ય સમાચાર,સુરત**

રાજસ્થાનના જોધપુરમાં રહેતી ૫૧ વર્ષીય મહિલાનું કોંગો ફીવરથી મૃત્યુ થતાં ખળભળાટ મચી ગયો છે. આ મામલો સામે આવ્યા બાદ રાજ્ય સરકારે તેના નિવારણ અને તેનાથી બચાવ માટે રાજ્યભરમાં દિશા-નિર્દેશો જાહેર કરી દીધા હતા. કોંગો તાવ એક જીવલેણ રોગ છે, જે પ્રાણીઓથી માણસોમાં ફેલાય છે.

ઉવહીવટીતંત્રએ અસરગ્રસ્ત વિસ્તારમાં ઝડપથી કાર્યવાહી કરવા સૂચના આપી છે, જેથી રોગને ફેલાતો અટકાવી શકાય. માહિતી મુજબ રાજસ્થાનના જોધપુરની રહેવાસી ૫૧ વર્ષીય મહિલા અમદાવાદની ગઈક મ્યુનિસિપલ મેડિકલ કોલેજમાં સારવાર કરાવવા આવી હતી. આ મહિલા કોંગો ફીવરથી પીડિત હતી. પૂણેમાં આવેલી નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ વાયરોલોજી દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસમાં આ વાતની પુષ્ટિ થઈ છે. બુધવારે સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. પબ્લિક હેલ્થ ડાયરેક્ટર ડો. રવિ પ્રકાશ માથુરે કહ્યું કે જોધપુરના ચીફ મેડિકલ અને હેલ્થ ઓફિસરને અસરગ્રસ્ત વિસ્તારમાં ટીમ મોકલીને નિવારક પગલાં લેવા સૂચના આપવામાં આવી છે.આ સાથે શંકાસ્પદ અને લક્ષણોવાળા દર્દીઓને ઓળખીને તેમને આઈસોલેશનમાં રાખવા નિર્દેશ અપાયા છે. કોંગો તાવનું આખું નામ રિમિયન કોંગો હેમરેજિક ફીવર છે. આ તાવ જે મનુષ્યો માટે જીવલેણ છે, તે પ્રાણીઓમાંથી મનુષ્યોમાં ફેલાય છે.



કોંગો તાવ એ ઝૂનોટિક વાયરસ દ્વારા ફેલાતો રોગ છે, જે મુખ્યત્વે ટિક બાઈટ એટલે કે જીવજંતુઓના કરડવાથી ફેલાય છે. આ બાબતને ધ્યાને રાખીને રાજ્યના પશુપાલન વિભાગને જરૂરી પગલાં ભરવા સૂચના આપવામાં આવી છે જેથી કરીને પશુઓ દ્વારા આ રોગ ફેલાવાની શકયતાને અટકાવી શકાય. આ વાઈરસથી સંક્રમિત થનારા દર્દીઓમાં તાવની સાથે માંસ પેશીઓમાં દુખાવો, માથાનો દુખાવો અને ચક્કર આવવા જેવા લક્ષણો દેખાય છે. કેટલાક દર્દીઓને સૂર્યના પ્રકાશથી તકલીફ પડે છે અને આંખમાં સોજા રહે છે. સંક્રમણના ૨થી ૪ દિવસ પછી ઊંઘ ના આવવી, ડિપ્રેશન અને પેટના દુખાવાની ફરિયાદ પણ આવી ચૂકી છે. મોં, ગળા અને સ્કિન પર ફોલ્લીઓ થતા હાર્ટ રેટ પણ વધી શકે છે.

# રઢીયાળી રાતે જય શક્તિ ગરબી મંડળની બાળાઓએ માની કરી આરાધના







નવલા નોરતા નો પડાવ અંતિમ ચરણમાં પહોંચ્યો છે અર્વાચીન ગરબા સાથે રાજકોટના તમામ વિસ્તારમાં પ્રાચીન ગરબી એ રંગ જમાવ્યો છે રાજકોટની અનેક ગરબીઓ શહેરીજનોના આકર્ષણનું કેન્દ્ર બની છે નવ દિવસ દરમિયાન નાની બાળાઓ માતાજીના સ્વરૂપે ગરબે ઘૂમી પોતાની કલા પાથરી રહી છે શેરના લક્ષ્મી નગર મેઈન રોડ પર આવેલ જય શક્તિ ગરબી મંડળની દીકરીઓ દ્વારા છેલ્લા સાત દિવસથી મા ના પૂજા અર્ચન સાથે બાળાઓ ગરબે ઘૂમી રહી છે છેલ્લા ૪૫ વર્ષથી ચાલતી આ પ્રાચીન ગરબી ને નિહાળવા હજારો લોકો દરરોજ ઉમટી રહ્યા છે આ ગરબીનો નવદુર્ગા રાસ તેમજ અઘોરી રાસ શહેરીજનો માં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે

(તસ્વીરઃ આનંદ જાવિયા)

## જામનગરમાં ખેલૈયાઓએ ગરબાની રમઝટ બોલાવી : યુવતીઓએ ગરબાની સાથે વ્યસનમુક્તિનો સંદેશ પણ આપ્યો




જામનગરમાં ગરબામાં ખેલૈયાઓએ ગરબાની રમઝટ બોલાવી હતી. ગરબાના મેદાનમાં યુવતીઓએ ગરબાની સાથે વ્યસનમુક્તિનો સંદેશ પણ આપ્યો હતો. હાથમાં વ્યસનમુક્તિના પ્લેકાર્ડ સાથે યુવતીઓ ગરબે ઘૂમી હતી.જામનગર શહેરમાં અનેક જગ્યાએ રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે નવરાત્રી મહોત્સવની ઉજવણીમાં લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અને યુવા ધન અને વડીલો પણ ગરબાના તાલે ઝૂમી રહ્યા છે અને રાસની રમઝટ બોલાવી રહ્યા છે. ત્યારે ગરબાની રમઝટ બોલાવતા અને ખેલૈયા અલગ અલગ ટ્રેડિશનલ ડ્રેસમાં સંદેશો આપી રહ્યા છે ત્યારે કોઈ દેશભક્તિ તો કોઈ ધાર્મિકતાનો સંદેશો આપી રહ્યા છે તેઓ ડ્રેસ પહેરીને રાસ ગરબાની રમઝટ બોલાવે છે. ત્યારે ખાસ કરીને રાસ ગરબાની રમઝટ બોલાવતી યુવતીઓ દ્વારા ગરબાના માધ્યમથી વ્યસનમુક્તિનો સંદેશ આપવામાં આવ્યો હતો.

## રાજકોટ ડિવિઝન દ્વારા સ્ટેશનો પર ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને સ્વચ્છતાની ચકાસણી




રાજકોટ ડિવિઝન દ્વારા ૧ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર, ૨૦૨૪ દરમિયાન સ્વચ્છતા પખવાડા મનાવવામાં આવી રહ્યું છે. આ પખવાડિયા દરમિયાન, રેલવે પરિસરને સુંદર બનાવવા માટે વિવિધ સ્વચ્છતા સંબંધિત પ્રવૃત્તિઓ સતત કરવામાં આવી રહી છે. સ્વચ્છતા પખવાડા દ્વારા સામાન્ય જનતા અને મુસાફરોને જાગૃત કરીને અને તેમની ભાગીદારીથી સ્વચ્છતા વ્યવસ્થામાં સુધારો કરવામાં આવી રહ્યો છે. આજે સ્વચ્છ ખોરાક દિવસ અંતર્ગત, રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર, દ્વારકા સહિતના રાજકોટ ડિવિઝનના વિવિધ મુખ્ય સ્ટેશનો પર અને ટ્રેનોની પેન્ટ્રી કારમાં ઉપલબ્ધ ખાદ્યપદાર્થોની ગુણવત્તા અને સ્વચ્છતાની ચકાસણી કરવામાં આવી હતી, જેથી મુસાફરો સ્વચ્છ અને સુરક્ષિત ખાદ્ય પદાર્થ મળી શકે. ઉપરાંત ખાણીપીણીના વિક્રેતાઓને સ્વચ્છતા અંગે જાગૃત કરવામાં આવ્યા હતા. આ શ્રેણીમાં તાજેતરમાં સ્વચ્છ પરિસર દિવસ નિમિત્તે રેલવે કોલોની, રિટાયરિંગ રૂમ, પેસેન્જર વેઈટીંગ રૂમ, રેસ્ટ હાઉસ અને ડોરમેટરીની સફાઈની સાથે રેલ્વે પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. રેલ્વે પ્રશાસન રેલ્વે પરિસરની મુલાકાત લેતા અને રેલ્વે સુવિધાઓનો લાભ લેતા મુસાફરોને રેલ્વે પરિસરને સ્વચ્છ રાખવામાં રેલ્વેને સહકાર આપવા વિનંતી કરે છે.

## વિ.હિ.પ. – બજરંગદળ – દુર્ગાવાહીની આયોજીત વિજયાદશમીના પર્વે ધર્મકાર્ય સાથે સામાજીક કાર્યના સુભગ સમન્વય સમા રક્તદાન કેમ્પનું આયોજન




**મુખ્ય સમાચાર,રાજકોટ**

વર્ષોની પરંપરા મુજબ આ વર્ષે પણ વિજયાદશમીના પાવન અવસરે વિ.હિ.પ. – બજરંગદળ – દુર્ગાવાહીની દ્વારા રાક્ષસ દહન નો કાર્યક્રમ યોજાશે. આ ધર્મ કાર્ય દર વર્ષે અવિરતપણે થઈ રહયો છે સાથે આ વર્ષે પ્રથમવાર વિ.હિ.પ. ના સમાજ માટેના અનુદાનરૂપી રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે. કોઈપણ આકસ્મીક સંજોગોમાં અને ગંભીર પરિસ્થિતિ વખતે દર્દીઓને લોહીની સખ્ત જરૂરીયાત ઉભી થતી હોય છે. કોઈના જીવન-મરણના સમયે તાત્કાલીક લોહી ન મળે તો આખા પરિવાર ઉપર આફત ઉતરી પડે છે. રક્તદાન એ આજના સમયની તાતી જરૂરીયાત છે. આજના સમયમાં સાયન્સ જયારે ખૂબ પ્રગતિ કરી ચુક્યું છે ત્યારે આજે પણ લોહીનો વિકલ્પ નથી. લોહી મેળવવા માટેનું એકમાત્ર સ્ત્રોત એ માનવ રક્ત જ છે. કોઈનું અમુલ્ય જીવન બચાવવા જરૂરી રક્ત મળી રહે ત્યારે તેનાથી રૂડુ સામાજીક અને સેવાનું કાર્ય બીજુ શું હોય શકે ?

વિ.હિ.પ. દ્વારા ધર્મ કાર્ય સાથે સામાજીક જવાબદારી પણ નિભાવવાના ભાગ રૂપે અનેક સામાજીક, ધાર્મિક સંસ્થાઓના સહયોગથી દશેરાના દિવસે રાક્ષસ દહન માટેનું સ્થળ રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે એક અલાયદો મંડપ તૈયાર કરવામાં આવશે. તા. ૧૨ ના રોજ આયોજીત રાક્ષસ દહન, આતશબાજી, શસ્ત્ર પૂજન ઉપરાંત આ વખતે પ્રથમવાર યોજાવા જઈ રહેલ રક્તદાન કેમ્પ ખાતે તમામ દાતાઓ સાંજે ૬-૦૦ થી ૯-૦૦ દરમ્યાન રક્તદાન કરીને પૂણ્યનું ભાથુ બાંધી શકશે.

આ રાક્ષસ દહન તથા રક્તદાન કેમ્પમાં સમસ્ત હિન્દુ સમાજના લોકો સહભાગી થાય તે માટે વિ.હિ.પ. રાજકોટના શાંતુભાઈ રૂપારેલીયા, હસુભાઈ ચંદારાણા, નિતેશભાઈ કથીરીયા, વિનુભાઈ ટીલાવત, કૃણાલભાઈ વ્યાસ, વનરાજભાઈ ગેરૈયા, સુશીલભાઈ પાંભર, યોગેશભાઈ ચોટલીયા, મનોજભાઈ ડોડીયા, રાહુલભાઈ જાની, હર્ષિતભાઈ ભાડજા, આલાપભાઈ બારાઈ, દિપકભાઈ ગમઢા, હર્ષભાઈ વ્યાસ દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે. તેવુ વિ.હિ.પ. પ્રેસ મીડીયા ઈન્ચાર્જ પારસભાઈ શેઠની યાદીમાં જણાવેલ છે.

## સૌરાષ્ટ્રનાં હવામાનમાં એકાએક પલ્ટો : ભાવનગરના રાસોત્સવમાં એંગલ પડતા નાશભાગ મચી ગઈ

### ભારે પવનના કારણે રાજપથ નવરાત્રી મહોત્સવમાં ઘટના–બે ખેલૈયા ઘાયલ : રાજકોટ સહિતના અમુક શહેરમાં સવારે છાંટા પડયા : ભારે બફારો : સૂર્યનારાયણ ગાયબ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રના વાતાવરણમાં ગઈકાલે મોડી સાંજથી પલ્ટો આવ્યો છે. ભારે તડકા બાદ ભારે બફારાના અનુભવ વચ્ચે ભાવનગર સહિતના શહેરમાં વરસાદના છાટા પડયા હતા. તો ગત રાત્રે ભાવનગરમાં ચાલતા રાજપથ નવરાત્રી મહોત્સવમાં ભારે પવનના કારણે લોખંડની એંગલ પડતા નાશભાગ થઈ ગઈ હતી. આ બનાવમાં બે ખેલૈયાઓને ઈજા પહોંચી છે.

રાજકોટ શહેરમાં પણ આજે સવારથી વાદળીયુ વાતાવરણ છે. શહેરમાં સવારે વરસાદના છાટણા પડયા હતા. આ સિવાય જિલ્લામાં અમુક જગ્યાએ અને સૌરાષ્ટ્રમાં કેટલાક સ્થળે છાટણા પડયાના અહેવાલ છે. આજે સવારથી મોટા ભાગે સૂર્યનારાયણના દર્શન થયા નથી. લોકો ભારે ગરમી અને બફારાનો અનુભવ કરી રહ્યા છે. તેવામાં ભાવનગરમાં ગરબાના રંગમાં ભંગ પડયો હતો.

ભાવનગર શહેરમાં ગઈરાત્રે ૧૦.૩૦ કલાકે અચાનક વાવાઝોડા સાથે પલ્ટો આવ્યો હતો અને તેજ પવન ફુંકાયો હતો ભારે પવનને કારણે શહેરના જવાહર મેદાન ખાતે રાજપથ નવરાત્રી મહોત્સવમાં લોખંડની એંગલ પડતા બે ખેલૈયાને ઈજા પહોંચી હતી.

ભાવનગર શહેરમાં રાત્રીનાં ૧૦.૩૦ પછી અચાનક વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને તોફાની પવન ફુંકાવા લાગતા શહેરનાં જવાહર મેદાન ખાતે અર્વાચીન રાસ ગરબાનાં રાજપથના આયોજનમાં લોખંડની એંગલ પડતા ગરબા લેતા બે ખેલૈયાને સામાન્ય ઈજા પહોંચી હતી. જોકે થોડી જ વાર મીની વાવાઝોડુ શાંત થઈ જતા ખેલૈયાઓએ હાશકારો અનુભવ્યો હતો. શહેરમાં રાત્રે વરસાદના છાંટા પડયા હતા. દરમ્યાન રાત્રે ભારે પવન વચ્ચે શહેરનાં આર.ટી.ઓ. રોડ, નંદીગ્રામ સ્કુલ નજીક પીજીવીસીએલના ટ્રાન્સફોર્મરમાં આગ ભભુકી ઉઠી હમતી. ફાયર બ્રિગેડના સ્ટાફે દોડી જઈ આગને કાબુમાં લીધી હતી. આ બનાવને કારણે વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો.



## સરકાર્યવાહ દત્તાત્રેય હોસબોલેનો તા. ૧૧થી ૧૫ ઓક્ટો. દરમિયાન સૌરાષ્ટ્ર પ્રાંતનો પ્રવાસ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના માન. સર કાર્યવાહ શ્રી દત્તાત્રેય હોસબોલે તા. ૧૧થી ૧૫ ઓકટોબર દરમિયાન સૌરાષ્ટ્ર પ્રાંતના પ્રવાસે આવી રહ્યા છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના સન ૧૯૨૫માં વિજયાદશમીના દિવસે થઈ હતી. હાલમાં સૌરાષ્ટ્રમાં સંઘ દ્વારા વિવિધ સ્થળોએ વિજયાદશમી ઉત્સવની ઉજવણી થઈ રહી છે, ત્યારે માન. સરકાર્યવાહજીની ઉપસ્થિતિ કાર્યકર્તાઓમાં ઉત્સાહનો સંચાર કરશે. ડ

મહત્ત્વનું છે કે, શ્રી હોસબોલેજી અખિલ ભારતીય પ્રવાસ યોજના અંતર્ગત જામનગર ખાતે વિજયાદશમી ઉત્સવમાં આવી રહ્યા છે. તેઓ ૧૨મી ઓકટોબરે શનિવારે જામનગરના વિજયાદશમી ઉત્સવમાં જોડાશે અને જાહેર વક્તવ્ય આપશે. આ ઉદબોધનનો લાભ લેવા માટે સમાજમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

શ્રી હોસબોલેજી પ્રવાસ દરમિયાન જામનગરમાં વિદ્યાર્થી તેમજ વ્યવસાયી શાખાની મુલાકાત લેશે. આ સાથે સંઘના સૌરાષ્ટ્ર પ્રાંતના અધિકારીઓ- કાર્યકર્તાઓ સાથે બેઠક કરી માર્ગદર્શન આપશે તેમજ દ્વારકા તથા બેટ દ્વારકા દર્શન કરી પ્રસ્થાન કરશે. આગામી વર્ષ ૨૦૨૫ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શતાબ્દી વર્ષ તરીકે ઉજવવાનું નિશ્ચિત થયું છે, ત્યારે સરકાર્યવાહજીના પ્રવાસને લઈને સ્વયંસેવકોમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, રા.સ્વ. સંઘની અખિલ ભારતીય યોજના મુજબ, દર બે વર્ષે સંઘના સરસંઘચાલકજી અને સર કાર્યવાહજીના પ્રવાસ દેશના વિવિધ પ્રાંતમાં ગોઠવાતા હોય છે. આ યોજના અંતર્ગત દત્તાત્રેયજી હોસબોલે સૌરાષ્ટ્રના પ્રવાસે આવી રહ્યા છે. શ્રી હોસબોલેજીના પ્રવાસ દરમિયાન, રા.સ્વ. સંઘના શતાબ્દી વર્ષના આયોજન માટે સંઘ દ્વારા સમાજ પરિવર્તન-ઉત્થાન માટે નિશ્ચિત થયેલા મુદ્દાઓ અંગે ચર્ચા થશે અને યોજના બનશે.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

## ગરબી મંડળમાં અગ્નિના ફુવારાના ખેલ કરતા યુવાનના ચહેરા પર ભડકો થયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

હાલ નવરાત્રીનો પર્વ ચાલી રહ્યો છે, ત્યારે રાજકોટમાં જુદી જુદી જગ્યાએ ગરબી મંડળોનું આયોજન કરાયું છે. આ ગરબી મંડળોમાં જુદા જુદા નાટકો ભજવાતા હોય છે. જેમાં ઘણી વખત તલવાર સાથે તો ઘણી વખત આગ સાથે રાસ કરવામાં આવતા હોય છે.

હાલમાં સોશિયલ મીડિયામાં એક વીડિયો વાયરલ થયો છે. જેમાં દાવો કરાયો છે કે, આ વીડિયો રાજકોટના કોઈ ગરબી મંડળનો છે. વીડિયોમાં જોવા મળે છે કે, એક યુવાન કેરોસીન કે, તેના જેવા જવલનશીલ પદાર્થની બોટલ ભરી ગરબી મંડળ આસપાસ ફરે છે. તેના બીજા હાથમાં અગ્નિ પ્રગટાવેલી મસાલ જોવા મળે છે.

યુવાન બોટલમાંથી પ્રવાહીનો ઘૂંટડો ભરે છે અને મસાલ પર છોડીને આગના ફુવારા કરે છે. આ દરમિયાન આગનો ફુવારો કરતી વખતે યુવાનના ચહેરા ઉપર આગ લાગી હતી અને તેનો ચહેરો ભડકાથી બળવા લાગ્યો હતો.

આગ સાથે યુવાન આમતેમ દોડવા લાગતા આસપાસ રહેલા લોકો એ તુરંત તેને પકડીને તેના ચહેરા પર લાગેલી આગને બુજાવી દીધી હતી. એવું જાણવા મળે છે કે, આ યુવાનનો સમગ્ર ચહેરો દાજી ગયો છે.

તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. યુવાનને આગ સાથે રમત રમવી ભારે પડી હતી. આ બનાવ ઉપરથી આવા ખેલ કરતા અન્ય ગરબી મંડળોએ પણ શીખ લેવાની જરૂર છે.



## રાજકોટ જિલ્લા પંચાયતની કારોબારીમાં ૨૪ કરોડના નવા વિકાસ કામોને મંજૂરી



(તસ્વીરઃ આનંદ જાવિયા)

આજે રાજકોટ જિલ્લા પંચાયતની કારોબારીની બેઠક ચેરમેન પીજી ક્યાડાની અધ્યક્ષતામાં મળી હતી જેમાં સિંચાઈ અને બાંધકામ સહિત કુલ ૨૪ કરોડના નવા વિકાસ કામોને લીલીઝંડી અપાઈ હતી. ઉલ્લેખનીય છે કે આગામી તારીખ ૧૫ ના રાજકોટ જિલ્લા પંચાયતની સામાન્ય સભા મળી રહી છે તે પહેલા આજે મળેલી કારોબારીની બેઠકમાં તમામ અગત્યના વિકાસ કામોને મંજૂરી અપાઈ હતી ન આજે મળેલી જિલ્લા પંચાયતની કારોબારીની બેઠકમાં કારોબારી ચેરમેન ઉપરાંત જિલ્લા વિકાસ અધિકારી નવનાથ ગવહાને ડેપ્યુટી ડીડીઓ જિલ્લા પંચાયતના શાખા અધિકારીઓ તેમજ કારોબારીના સદસ્ય ઉપસ્થિત રહ્યા હતા

## રેશનીંગના દુકાનદારોની હડતાલ મોકૂફઃ ગોડાઉનો પરથી પુરવઠાની સપ્લાય શરૂ

### ગાંધીનગર ખાતે પુરવઠા સચીવની એસો.ના હોદ્દેદારો સાથે મળેલી બેઠકમાં મીનીમમ કમિશન અને ૯૩ ટકા વિતરણના મુદ્દે સહમતી સધાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહિત રાજયભરમાં રેશનીંગના દુકાનદારોની હડતાલ અંતે મોકૂફ રહેતા પુરવઠા વિભાગના ગોડાઉનો પરથી રેશનીંગ પુરવઠાની દુકાનો પર સપ્લાય શરૂ થવા પામી છે જેના પગલે હવે દુકાનો પર માલ પહોંચતા જ બે દિવસમાં જ પુરવઠાનું રાબેતા મુજબ વિતરણ શરૂ થવા લાગશે.

રેશનીંગના દુકાનદારો પોતાની માંગણીઓને લઈને છેલ્લા નવ દિવસથી આંદોલનનું શસ્ત્ર ઉઠાવી હડતાલ પર ઉતરી ગયા હતાં. આ દરમિયાન ગઈકાલે ગાંધીનગરમાં રાજયના પુરવઠા વિભાગના સચીવ સાથે ગુજરાત રાજય ફેર પ્રાઈઝ શોપ એસોના હોદ્દેદારોની બેઠક મળી હતી.

મીનીમથી કમિશન અને પુરવઠાના ૯૩ ટકા વિતરણના મુદ્દે સહમતી સંઘના અને આ માંગણીને સરકારમાં મોકલી પગલા લેવામાં આવી આ સહકાર આંદોલન સ્થગીત કરી દેવામાં આવેલ છે. દુકાનદારોમાં ત્રણ માંગણીઓને અટકાટ દ્વારા સ્વીકારી લેવામાં આવી છે. તમામ દુકાનદારો ૯૭ ટકા મુજબ ઈમ્પેશન સાથે અનાજ વિતરણ કરશે આ સાથે દુકાનદારોને રૂ.૫૦૦નું કમિશન અપાશે.



MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

